સેન્સેક્સ પાંચ સપ્તાહની ઉંચી સપાટી પર

મુંબઈ,તા. ૧૫

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે રેટલક્ષી શેરોમાં લેવાલી જામી હતી જેના પરિણામ સ્વરૂપે સેન્સેક્સ પાંચ સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી ૬૩૦૦થી ઉપરની સપાટીએ પહોંચીને બંધ રહ્યો હતો. ડબલ્યુપીઆઈ ફુગાવો હકારાત્મકરીતે ઘટીને ડિસેમ્બર મહિનામાં ૬.૧૬ ટકા થઈ જતા તેની અસર પણ બજાર પર જોવા મળી હતી. સેન્સેક્સ પાંચ સપ્તાહની ઉંચી સપાટીએ બંધ રહેતા કારોબારીઓ ભારે ખુશ રહ્યા હતા. નવેમ્બર મહિનામાં ડબલ્યુપીઆઈ ફુગાવો ૭.૫૨ ટકા હતો જે ઘટીને ૬.૧૬ ટકા થયો છે. અપેક્ષા કરતા પણ વધુ ઘટાડો રહ્યો છે. ૨૮મી જાન્યુઆરીના દિવસે આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવનાર છે આવી સ્થિતિમાં સીધો ફાયદો થઈ શકે છે. આજે કારોબાર દરમિયાન રેટલક્ષી બેકીંગ શેરોમાં તેજી જામી હતી. રિયાલિટી, ઓટો શેરમાં પણ તેજી રહી હતી. સેન્સેક્સ ૨૫૭ પોઈન્ટ ઉછળીને ૨૧૨૮૯ની સપાટીએ રહ્યો હતો જે નવમી ડિસેમ્બર બાદથી ૨૧૩૨૬ની સપાટી બાદથી સૌથી ઉંચી સપાટી છે. આજે કારોબાર દરમિયાન સેન્સેક્સ એક વખતે ૨૧૩૦૨ સુધી પહોંચ્યો હતો જ્યારે લોમાં ૨૧૦૯૧ની સપાટીએ પહોંચ્યો હતો. બીજી બાજુ નિફ્ટી ૭૯ પોઈન્ટ ઉછળીને ૬૩૨૧ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ ૬૩૦૦ની સપાટી કુદાવી લેતા તેની પણ અસર કારોબારીઓ પર

રહી હતી. ૩૦ સેન્સેક્સ આધારિત શેર પૈકી ૨૯માં આજે તેજી રહી હતી. એચડીએફસી અને એલએન્ડટીએ તેજીનું નેતૃત્વ કર્યુ હતુ. તાતા સ્ટીલના શેર ફ્લેટ રહ્યા હતા. તાતા મોટર્સ, હિરોમોટો, ભેલ, સ્ટરલાઈટ અને સિપ્લામાં તેજી જામી હતી. ગઈકાલે પ્રોફિટ ટેકિંગ વચ્ચે સેન્સેક્સ ૧૦૧ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. એશિયન બજાર અને યુરોપિયન બજારમાં મિશ્ર સ્થિતિ રહી હતી. ૧૩ સેક્ટરલ ઇન્ડેક્સ પૈકી ૧૦ બેરોમીટરમાં ૦.૩૭ ટકાથી ૧.૯૮ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. બીએસઈ કેપિટલ ગુડ્સ સેક્ટર ઇન્ડેક્સમાં ૧.૯૮ ટકાનો, બેકેક્સમાં ૧.૫૯ ટકાનો, રિયાલિટી ઇન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો, ઓટો ઇન્ડેક્સમાં ૧.૨૨ ટકાનો ઉછાળો રહ્યો હતો.

ભારતમાં ચૂંટણી પહેલા હોબાળાની સંભાવના

ઓપરેશન બ્લુ સ્ટાર : થૈચરની ભૂમિકામાં તપાસ માટે આદેશ

લંડન,તા. ૧૫

વર્ષ ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીના આદેશ પર હાથ ધરવામાં આવેલા દિલધડક ઓપરેશન બ્લુ સ્ટારમાં અગાઉની માર્ગરેટ થૈચર સરકારની ભૂમિકા મામલે તપાસના આદેશ જારી કરવામાં આવ્યા છે. એવી માહિતી સપાટીપર આવી છે કે એ વખતે માર્ગરેટ થૈચરની સરકારે ભારત સરકારને મદદ કરી હતી. બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરૂને સમગ્ર મામલો સપાટી પર આવ્યા બાદ તપાસ કરવાનો આદેશ કર્યો છે. ડેવિડ કેમરૂને પોતાના કેબિનેટ સચિવને આ દાવા સાથે જોડાયેલા પાસામાં તપાસ કરવા આદેશ કર્યો છે. કેમરૂને પોતાના કેબિનેટ સચિવ જેરેમી ડેવડને તપાસ કરવાનો આદેશ આપ્યા બાદ ભારતમાં પણ ભારે હોબાળો મચી ગયો છે. લેબર સાંસદ ટોમ વોટ્સન અને લોર્ડ ન્દ્રિજીત સિંહે હાલમાં જ ગુપ્ત દસ્તાવેજોની યાદીમાંથી દુર કરવામાં આવેલા દસ્તાવેજોના આધાર પર આ સ્પષ્ટીકરણની માંગ કરી છે. આ દસ્તાવેજોમાં એવા સંકેત મળ્યા છે જેમાં જણાવાયું છે કે બ્રિટનના સ્પેશિયલ એર ફોર્સના અધિકારીઓને પંજાબના સ્વર્ણ મંદિરમાં છુપાયેલા ત્રાસવાદીઓને ખદેડી મુકવાની યોજનામાં ભારતની મદદ માટે મોકલવામાં આવ્યા હતા. આ અભિયાનમાં એક હજારથી વધારે લોકો માર્યા ગયા હતા. બ્રિટીશ સરકારના પ્રવકતાએ સોમવારના દિવસે રાત્રે નિવેદન જારી કરીને કહ્યું હતું કે આમાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા.આ દસ્તાવેજોના કારણે પેદા થથયેલી વાજબી ચિંતાઓને દુર કરવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. વડાપ્રધાનના કેબિનેટ સચિવને કહેવામાં આવ્યું છે કે આ મામલામાં તરત તપાસ કરીને અહેવાલ સોંપવામાં આવે. ભાજપના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીએ આ મામલે સરકાર પર દબાણ વધારી દીધુ છે. જેટલીએ આ અભિયાન સાથે જોડાયેલા તમામ દસ્તાવેજો સપાટી પર લાવવાની માંગ કરી છે. બીજી બાજુ ઓપરેસન બ્લુ સ્ટારનુ નેતૃત્વ કરનાર લેફ્ટી. જનરલ (નિવૃત) કુલદીપ સિંહ બરાડે આ અહેવાલોને રદિયો આપ્યો છે. તેમણે કહ્યું છે કે આ ઓપરેસનમાં કોઈ પણ ભૂમિકા બ્રિટનની ન હતી. બરાડે કહ્યું હતું કે આ અહેવાલ હેરાન કરનાર છે. કારણ કે ભારતના સૈન્ય કમાન્ડરોએ આ અભિયાનની રૂપરેખા નક્કી કરી હતી અને ઓપરેશનને પાર પાડ્યું હતું.

લોકસભા ચૂંટણી એકલા હાથે લડવાની માયાવતીની જાહેરાત

મેગારેલીથી બસપના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ

લખનૌ,તા. ૧૫

બહુજન સમાજ પાર્ટીના વડા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આજે લખનૌમાં મેગારેલી યોજીને તેમની પાર્ટીના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા હતા. માયાવતીએ કહ્યુ હતુ કે બહુજન સમાજ પાર્ટી કોઈની પણ સાથે મળીને ચૂંટણી લડશે નહીં. એકલા હાથે લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે. તેમના જન્મદિવસે લખનૌમાં આયોજિત રેલીમાં માયાવતીએ કહ્યુ હતુ કે બહુજન સમાજ પાર્ટી એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે. આ રેલીમાં માયાવતીએ ભાજપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. લોકસભા ચૂંટણીને લઈને માયાવતીની આ રેલીને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. માયાવતીની આ રેલીને સાવધાન રેલી નામ આપવામાં આવ્યુ છે. માયાવતીને જન્મદિવસના પ્રસંગે શુભેચ્છા આપવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ઉમટી પડેલા લોકોનો આભાર માનતા માયાવતીએ કહ્યુ હતુ કે આ રેલીમાં દેશભરમાંથી લોકો પહોંચે છે. માયાવતીએ એમ

પણ કહ્યુ હતુ કે બસપની સામે કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટી મળીને કાવતરુ રચી રહી છે. માયાવતીએ એમ પણ કહ્યુ હતુકે ૨૦૦૩-૦૬ સુધી બહુજન સમાજ પાર્ટી સંકટમાં હતી અને આ ગાળા દરમિયાન તેઓએ તમામ વિરોધો વચ્ચે પણ પાર્ટીને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. માયાવતીએ ઉમેર્યુ હતુ કે વર્ષ ૨૦૦૩માં ભાજપે ૮૦માંથી ૬૦ સીટોની માંગ કરી હતી જેના કારણે અમારા સંબંધો તેની સાથે તૂટી ગયા હતા. ૨૦૦૭માં પ્રથમ વખત સંપૂર્ણ બહુમતિ સાથે બસપની સરકાર બની ત્યારે તમામ લોકોની ઉંઘ હરામ થઈ ગઈ હતી. ત્યારબાદથી વિરોધી પાર્ટીઓ તેમની સામે કાવતરા ઘઢવા લાગી ગઈ છે. માયાવતીએ ફરી એકવાર દલીત કાર્ડ રમતા જણાવ્યુ હતુ કે તમામ જાતિવાદી માનસિકતા ધરાવનાર પાર્ટીઓ ખાસ કરીને કોંગ્રેસ, ભાજપ અને સપા ૨૦૦૮માં બસપની સામે થઈ ગયા હતા. માયાવતીએ એસસી અને એસટી તથા ઓબીસીને ભાઈચારાના આધાર પર એકત્રિત થવાની અપીલ કરી હતી. માયાવતીએ એવો આક્ષેપ પણ કર્યો હતો કે બહુજન સમાજ પાર્ટીને હરાવવા માટે ત્રણ પાર્ટીઓએ ૨૦૦૯માં મળીને ચૂંટણી લડી હતી. હવે ફરીવાર તાકાત દર્શાવવાનો સમય આવી ગયો છે. માયાવતીએ એમન પણ કહ્યુ હતુ કે પહેલા અમારી પાર્ટીને વિરોધી પાર્ટીઓ હળવાશથી લેતી હતી પરંતુ ૨૦૦૭માં બસપની સરકાર બન્યા બાદ વિરોધી પાર્ટીઓ પણ સાવધાન થઈ ગઈ છે.

જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં મોટો-જી લોંચ કરવાની તૈયારી

નવી દિલ્હી,તા.૧૫

મોટોરોલાના અધિકારીઓએ આજે કહ્યુ હતુ કે આ મહિનાના અંત સુધીમાં ભારતમાં તમામને પોષાય તે રીતે પરંતુ તમામ પ્રકારની સુવિધા સાથે એન્ડ્રોઈડ ફોન મોટો-જી લોન્ચ કરવામાં આવશે. મોટો-જી ફોનની ઉપલબ્ધતાના સંબંધમાં વધારે માહિતી આપવામાં આવી નથી પરંતુ થોડાક માર્કેટમાં ટૂંકમાં જ આને ઉપલબ્ધ કરી દેવામાં આવશે. લોન્ચ પહેલા મોટોરોલા કંપનીના અધિકારીઓએ મોટો-જીની કિંમત અંગે માહિતી આપી નથી. મોટોરોલા મોબિલીટીમાં કોર્પોરેટ કોમ્યુનિકેશનના ડિરેક્ટર વિલિયમ મોસે માહિતી આપતા

મોટો-જીની વિશેષતા...

- મોટો-જીમાં ૪.૫ ઈંચના સ્ક્રીન
- મોટો-જીમાં ૭૨૦ પી રિઝોલ્યુશન
- આ ફોનમાં ૮-૧૬ જીબી સ્ટોરેજ ક્ષમતા
- મોટો-જીમાં એકજીબી રેમ છે
- પ્રાઈમરી કેમેરા પાંચ એમપીમાં ફોટા પાડી શકાશે
- સેકન્ડરી કેમેરા ૧.૩ એમપી ઈમેજ માટે સારો રહેશે
- અમેરિકામાં ફોનની કિંમત ૧૭૯-૧૯૯ ડોલર વચ્ચે છે
- ભારતમાં પોષાય તેવા ભાવમાં ફોન ઉપલબ્ધ કરાવાશે
- બ્રાઝિલ જેવા દેશોમાં ૨૦૧૩ના છેલ્લા મહિનામાં મોટો-જી લોન્ચ કરી દેવાયા હતા
- મોટો-જી એ લોકોને ગમી જશે જે લોકોને ગેલેક્સીએસ-૪, આઈફોન અથવા મોટો-એક્સ પસંદ છે

કહ્યુ છેકે હાલમાં મોબાઈલ કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. આવી સ્થિતિમાં કિંમત વધારે રાખવામાં આવશે નહીં. મોટો-જી પણ પોષાય તેવી કિંમતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. અમેરિકામાં આ ફોનની કિંમત અન લોક્ડ વર્ઝન માટે ૧૭૯ અને ૧૯૯ ડોલર વચ્ચેની છે. ભારતમાં મોટો-જી લોન્ચ માટે ડિસ્ટ્રીબ્યુશન પાર્ટનરની શોધ કરી લેવામાં આવી છે.

હાલમાં આને કઈ રીતે લોન્ચ કરવામાં આવે તેની લઈને હિલચાર જારી છે. મોટો-જીમાં ૪.૫ ઈંચની સ્ક્રીન રહેશે. આ ફોન ૭૨૦ પી રિઝોલ્યુશન ધરાવે છે. આ ફોનમિડલ ઓફ લાઈન ક્વેડકોર પ્રોસેશર મારફતે ચાલશે. આ ફોનમનાં આઠ જીબી અને ૧૬ જીબી સ્ટોરેજની ક્ષમતા રહેશે અને એક જીબી રેમ રહેશે. પ્રાઈમરી કેમેરા પએમપીમાં ફોટા પાડી શકાશે. જ્યારે બીજા કેમેરામાં ૧.૩ એમપી ઈમેજ માટેની સુવિધા રહેશે. આ ફોન બજારમાં ઉપલબ્ધ ખૂબ ઓછા એન્ડ્રોઈ સાધન પૈકીના એક તરીકે રહેશે. મોબાઈલ ઓએસની નવી આવૃત્તિ કિટકેટ ૪.૨.૨થી ચાલશે.

ઇમરાન હાશ્મીના પુત્રને કેન્સરની અસરઃ રીપોર્ટ

મુંબઈ,તા. ૧૫

બોલિવુડના લોકપ્રિય અભિનેતા ઈમરાન હાશ્મીના ચાર વર્ષના પુત્ર અયાનને કેન્સરની અસર હોવાનુ જાણવા મળ્યું છે. પ્રથમ તબક્કાના કેન્સરની અસર દેખાયા બાદ તેની સારવાર હાથ ધરવામાં આવી ચુકી છે. ઈમરાન હાશ્મીએ આ સંબંધમાં મહેશ ભટ્ટને જાણ કરી હતી અને મોડેથી ફોન કરીને કહ્યું હતું. ઈમરાનના કોલથી મહેશ ભટ્ટ પોતે પણ ભાંગી પડી હતા. ઈમરાને હિન્દુજા હોસ્પિટલમાંથી તેમને ફોન કર્યો હતો અને ઈમરાન ખુબ હતાશ અને દુખી દેખાઈ રહ્યો હતો. તેની કિડનીમાં ટ્યુમર હોવાનુ તબીબોને જાણવા મળ્યું છે. તબીબોએ કહ્યું છે કે તાત્કાલિક રીતે સર્જરી કરવી પડશે ત્યારબાદ શુ કરવામાં આવે તે અંગે વિચારણા હાથ ધરવામાં આવશે. ભવિષ્યમાં લાંબી સારવારની જરૂર પડી શકે છે. કેમોથેરોપી પણ કરવામાં આવી શકે છે. ઈમરાન છેલ્લા કેટલાક સમયથી કોઈ નવી ફિલ્મમાં નજરે પડ્યો નથી. જો કે ટોચના કલાકારોમાં સ્થાન ધરાવે છે. તેને પસંદ કરનાર ખુબ વધારે છે.

ટીમમાં સાઉથીનો સમાવેશ કરાયો

ભારત સામે વનડે શ્રેણી માટે ન્યૂઝિલેન્ડની ટીમ જાહેર થઈ

નેપિયર,તા. ૧૫

ભારત સામે રમાનારી વનડે શ્રેણી માટે ન્યૂઝીલેન્ડની ટીમની આજે જાહેરાત કરી દેવામાં આવી હતી. ન્યૂઝિલેન્ડની ટીમમાંથી કોલિન મુનરોને પડતો મુકવામાં આવ્યો છે જ્યારે ન્યૂઝિલેન્ડની ૧૩ સભ્યોની ટીમમાં મુનરોની જગ્યાએ ઘણા સમયથી ઈજાગ્રસ્ત રહેલા અને વિન્ડઝ સામે વનડે શ્રેણી પૈકી શરૂઆતની મેચો ગુમાવી દેનાર ટીમ સાઉથીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ન્યૂઝિલેન્ડના જનરલ મેનેજર અને રાષ્ટ્રીય પસંદગીકાર બ્રુસ એડગરે જણાવ્યુ હતુ કે હાલમાં ચાલી

રહેલી શ્રેણીમાં વિન્ડિઝ સામે સારો દેખાવ કરી રહેલી ટીમમાં કોઈ વધારે ફેરફાર કરવામાં આવી રહ્યા નથી. આ શ્રેણીમાં દરેક ખેલાડીએ યોગ્યરીતે યોગદાન આપ્ય છે. આવી સ્થિતિમાં વધારે ફેરફાર કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. કોરી એન્ડરસને તાજેતરમાં વનડે ક્રિકેટ ઈતિહાસની સૌથી ઝડપી સદી ફટકારી છે. આ ઉપરાંત ન્યૂઝિલેન્ડે વનડે શ્રેણીમાં પણ વિન્ડિઝ સામે સારો દેખાવ કર્યો હતો.

ન્યૂઝિલેન્ડની ટીમ ભારત સામે પાંચ વનડે મેચો રમનાર છે જે પૈકીની પ્રથમ વનડે મેચ ૧૯મી જાન્યુઆરીએ રમાશે. વનડે શ્રેણી બાદ બે ટેસ્ટ મેચોની શ્રેણી રમાશે. ન્યૂઝિલેન્ડની વનડે ટીમ નીચે મુજબ છે. ન્યૂઝિલેન્ડ ટીમ : મેક્કુલમ (કેપ્ટન), કોરી એન્ડરસન, ગુપ્ટીલ, મેક લાઘન, નાથન મેક્કુલમ, કાયલી મિલ્સ, એડમ મિલાઈન, જેમ્સ નિસામ, લૂક રોન્ચી, જેસ્સી રાયડર, ટીમ સાઉથી, રોસ ટેલર, વિલિયમસન.

સીબીઆઈ ડિરેક્ટર રણજીત સિંહાએ જાહેરાત કરી

રમતગમતમાં છેતરપિંડીને રોકવા ખાસ યુનિટ રચાશે

રમતગમતના ક્ષેત્રમાં ભ્રષ્ટાચારના દુષણથી સીબીઆઈના વડા પણ ચિંતિત : યુનિટ રચના અંગે દરખાસ્ત મોકલાશે

નવી દિલ્હી,તા. ૧૫

સીબીઆઈના ડિરેક્ટર રણજિત સિંહાએ આજે કહ્યુ હતુ કે રમતગમતમાં ભ્રષ્ટાચારના વધતાજતા દૂષણની ગંભીર નોંધ લેવામાં આવી છે.

તેમણે કહ્યુ હુત કે સીબીઆઈ રમતગમત સાથે સંબંધિત ગુનાઓમાં તપાસ કરવા ટૂંક સમયમાં નવી ખાસ યુનિટની રચના કરશે. સીબીઆઈના ડિરેક્ટરે ઉમેર્યુ હતુ કે નવી રમતગમત સાથે સંબંધિત છેતરપિંડીને રોકતી યુનિટ સીબીઆઈની ખાસ ક્રાઈમ બ્રાંચ હેઠળ રચવામાં આવશે. ફીફા-ઇન્ટરપોલ નેશનલ વર્કશોપમાં વાત કરતા રણજિત સિંહાએ કહ્યુ હતુ કે રમતગમતમાં છેતરપિંડી સાથે સંબંધિત કેસોમાં તપાસ કરવા ઘણી અડચણો રહેલી છે. યોગ્ય માળખાકીય વ્યવસ્થા નહીં હોવાના કારમએ તકલીફ પડી રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે રમતગમતમાં ભ્રષ્ટાચારના દૂષણો સતત વધી રહ્યા છે. ચાવીરૂપ નોંધમાં સિંહાએ એમ પણ કહ્યુ હતુ કે ફુટબોલ અને અન્ય રમતોમાં સામાન્ય અને મોટા પડકારો જોવા મળી રહ્યા છે. રમતગમત ક્ષેત્રે ભ્રષ્ટાચારને રોકવામાં આવે તે જરૂરી છે. આ દિશામાં વિચારણા ચાલી રહી છે. ટૂંકમાં સ્પેશિયલ ક્રાઈમ બ્રાંચ હેઠળ સીબીઆઈમાં તપાસ યુનિટ રચવામાં આવશે. આ યુનિટ ઇન્ટેલિજન્સની પાંખ તરીકે કામ કરશે. સીબીઆઈના વડાના નિવેદનને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રમતગમતમાં ભ્રષ્ટાચારમાં તપાસ કરવા જ્યારે કોઈ માળખુ નથી ત્યારે આ યુનિટ કઈ રીતે કામ કરશે તે અંગે પુછવામાં આવતા સીબીઆઈના અધિકારીએ કહ્યુ હતુ કે રમતગમત મંત્રાલય દ્વારા મુસદ્દાના અંતિમ તબક્કામાં કેટલીક જોગવાઈ રાખવામાં આવી છે. આ યુનિટની રચના કરવામાં કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવશે.

સમાચાર ઝલક

- ઉત્તરાયણમાં ૧૦૮ ઈમરજન્સી રાજ્યમાં ૧૮૮૩ જગ્યાએ પહોંચી.
- રાજકોટ-અમદાવાદ વચ્ચે સ્વર્ણિમ એક્સપ્રેસ દર કલાકે દોડશે.
- રાજપીપળા-ભરૂચમાં અકસ્માતમાં ૧૦થી વધુ ઘાયલ.
- શિવરંજની અમદાવાદમાં લુંટના ઈરાદે ખાનગી ફાયરીંગમાં હિતેશ ઝવેરીનું મોત.
- લઘુત્તમ પેન્શન રૂ. ૧૦૦૦ મળશે. ટુંક સમયમાં અમલ થશે.
- બહુજન સમાજ પાર્ટીના માયાવતીના જન્મદિન નિમિત્તે લખનૌમાં વિશાળ સાવધાન રેલી યોજાઈ.
- આજે સેનાદિન લશ્કરમાં ઉજવાયો.
- ઓસ્ટ્રેલિયામાં કાળ ઝાળ ગરમી, ખેલાડીઓ બેભાન થયા. જાહેરમાં અગ્નિ પ્રગટાવવા પર પ્રતિબંધ.
- રાજ્યમાં ઠંડી ઘટશે હવામાન ખાતાનો અહેવાલ.
- ડીસેમ્બર માસમાં મોંઘવારી દર ઘટયો.
- ઓપરેશન બ્લ્યુ સ્ટાર વખતે બ્રિટને ભારતને મદદ કરી હતી-બી.બી.સી.
- નડિયાદમાં જુથ અથડામણ પરિસ્થિતિ તંગ.
- ટીમ્બર ઉદ્યોગ પર વેટ ઘટાડવા રજુઆત કરાઈ-ટીમ્બર ઉદ્યોગ ખતરામાં.
- નવી દિલ્હીમાં ડેન્માર્કની યુવતી પર બળાત્કાર.
- બિહારમાં સિનેમાઘરમાં ભાગદોડ થતાં બે નાં મૃત્યુ થયાં.
- આમ પાર્ટીમાં બગાવત, એક મંત્રી સામે કોર્ટના રેકર્ડ પર ચેંડાં કરાયાનો આરોપ.
- સલમાનખાન અમદાવાદમાં 'જય હો'નું પ્રમોશન કરી ગયો.
- રમગમતમાં થતી છેતરપિંડી માટે નવા કાયદા બનાવાશે.
- આજે મા અંબાનો પ્રાગટય દિવસ મનાવાશે. અંબાજીમાં તડામાર તૈયારીઓ.

રમખાણ પીડિતો માટે મેડિકલ કેમ્પ શરૂ

મુજફ્ફરનગર,તા. ૧૫

ઉત્તરપ્રદેશ સરકારે મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસાનો શિકાર થયેલા લોકો માટે મોટા પાયે તબીબી ઝુંબેશ હાથ ધરી છે જેના ભાગરૂપે અસરગ્રસ્તોની ચકાસણી કરવામાં આવશે. આ તબીબી ઝુંબેશના ભાગરૂપે સગર્ભા મહિલાઓની ચકાસણી અને બાળકોની વધારે પ્રાથમિકતા આપવામાં આવશે. જિલ્લા મેજિસ્ટ્રેટ કુશાલરાજ શર્માએ માહિતી આપતા કહ્યુ હતુ કે હજુ સુધી ૧૬૮ સગર્ભા મહિલાઓ અને ૪૦૦૦ બાળકોની તબીબી ચકાસણી કરવામાં આવી ચુકી છે. ચીફ મેડિકલ ઓફિસર એકકે ત્યાગીની દેખરેખ હેઠળ તબીબોની એક ટીમ ૧૭ ગામોની મુલાકાત લઈ ચુકી છે. ૧૬૮ સગર્ભા મહિલાઓને અને ૮૮૬ બાળકોને જરૂરી તબીબી સુવિધાઓ આપવામાં આવી ચુકી છે. જિલ્લા સત્તાવાળાઓએ ઉત્તરપ્રદેશમાં પડી રહેલી તીવ્ર ઠંડીના પરિણામ સ્વરૂપે કોઈ પણ અનિચ્છનિય બનાવને રોકવા માટે કેમ્પ છોડી દેવા કોમી રમખાણગ્રસ્ત લોકોને સૂચના આપી છે. સાતમી સપ્ટેમ્બરથી લઈને ૨૦મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં ગયા વર્ષે મુજફ્ફરનગર જિલ્લામાં કેટલાક લોકોના મોત થઈ ગયા હતા. ઠંડીની તીવ્ર શરૂઆત થઈ ચુકી છે. કેમ્પમાં ૧૦ બાળકોના મોત થયા હતા જ્યારે હોસ્પિટલમાં ૨૦ના થયા છે. લાપતા લોકોની સંખ્યા પણ રહેલી છે પરંતુ આનો આંકડો આપવામાં આવ્યો નથી. તબીબી સારવાર માટે આ લોકોને અન્યત્ર લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. ગયા વર્ષે મુજફ્ફરનગરમાં ભડકી ઉઠેલી કોમી હિંસામાં ૬૦ લોકોના મોત થયા હતા અને હજારો લોકો બેઘર થયા હતા. હજારો લોકો હજુ પણ રાહત કેમ્પમાં સારવાર હેઠળ છે. મુજફ્ફરનગરમાં કોમી હિંસાનો મામલો રાજકીયરીતે પણ સંવેદનશીલ બની ચુક્યો છે. તમામ પક્ષો આને લઈને ભારે હોબાળો મચાવી રહ્યા છે.

૧૫ હજાર કરોડના બોન્ડ ઈશ્યૂ મોકુફ કરવા નિર્ણય

સરકારને ૧૯૬૦૦ કરોડ રૂપિયા આપવાના કોલ ઈન્ડિયાના નિર્ણયના એક દિવસ બાદ નાણાંમંત્રાલયે નાણાંકીય ખાદ્યને અંકુશમાં લેવાના હેતુસર ૧૫૦૦૦ કરોડના બોન્ડ ઈશ્યુ કાર્યક્રમને હાલ મોકુફ રાખવાનો નિર્ણય લેવાયો છે અને જણાવ્યુ છે કે રોકડ સ્થિતિમાં સુધાર થયા બાદ વિચારણા ચાલી રહી છે. નાણાંમંત્રાલય દ્વારા એક નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યુ છે કે ફંડની જરૂરિયાત અને સરકારની રોકડ રકમની સ્થિતિની સમીક્ષા કરવામાં આવ્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાત્રે વધૂ પડતી ઉંઘ પણ હાર્ટ માટે ખૂબ જોખમી

શિકાગો, તા.૧૫

તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પડતી ઉંઘ પણ ખતરનાક સાબિત થઈ શકે છે. વધારે પડતી ઉંઘથી હાર્ટ સાથે સંબંધિત તકલીફ સર્જી શકે છે. ઉંઘના સંબંધમાં વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. હવે ભારતીય મુળના વૈજ્ઞાનિકે ઘટસ્ફોટ કર્યો છે કે વધાર પડતી ઉંઘ અને ખૂબ ઓછી ઉંઘ બંને હાર્ટની સમસ્યા તરફ દોડી શકે છે. શિકાગો મેડિકલ સ્કૂલમાં મેડિશિનના પ્રોફેશર અને કાર્ડિઓલોજીના ચેરમેન રોહિત આર.અરોડાએ કહ્યું છે કે તેઓ અને તેમની ટીમ છેલ્લા કેટલાક સમયથી વધારે પડતી અને ઓછી ઉંઘને લઈને અભ્યાસ કરી રહી હતી. હવે એવું જાણવા મળ્યું છે કે રાત્રીગાળા દરમિયાન ૬ કલાકથી ઓછી ઉંઘ લેનાર વ્યક્તિમાં સ્ટ્રોક, હાર્ટ અટેક અને કન્જેસ્ટિવ હાર્ટ ફેલિયોર થવાના ખતરા રહે છે. આવી જ રીતે રાત્રી ગાળા દરમિયાન આઠ કલાકથી વધુ ઉંઘ લેનાર વ્યક્તિમાં પણ હાર્ટની સમસ્યા થઈ શકે છે. ખાસ કરીને છાતીમાં દુખાવા અને કોરોનરી આર્ટેરી રોગ થઈ શકે છે. લોહીના પુરવઠા અને ઓક્સિજનને હાર્ટ સુધી પહોંચાર નાર ધમનીઓમાં તકલીફ ઉભી થઈ શકે છે.